સીધી ભરતી માટેની ઉપલી
વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ
તા.૧/૯/૨૦૨૧થી તા.૩૧/૮/૨૦૨૨
સુધીના સમયગાળા માટે આપવા
બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.પ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૪ /૧૦/૨૦૨૧ .

વંચાણે લીધાઃ-

- સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪/૧૦/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ- જીએસ/૧૮/૨૦૨૧/સી.આર.આર./૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.પ

ઠરાવઃ-

તાજેતરમાં ફેલાયેલ Covid-19 ની મહામારીના કારણે રાજ્ય સરકાર હેઠળની ઘણી બધી જગ્યાઓ પર સીધી ભરતી સ્થગિત કરવામાં આવેલ છે અથવા તો પાછી ઠેલવામાં આવેલ છે. જેના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં ઘણા બધા ઉમેદવારો મહત્તમ વયમર્યાદા વટાવી ચૂકેલ હોય તે બનવાજોગ છે.

વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪/૧૦/૨૦૨૧ ના જાહેરનામાથી ગુજરાત જાહેર સેવા આયોગ તથા અન્ય ભરતી સત્તાઓ/એજન્સીઓ દ્વારા સીધી ભરતી કરવા પ્રસિધ્ધ કરાયેલ જાહેરાતોમાં ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ આપવાની જોગવાઇ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં નિયમ: 16(G) આમેજ કરવામાં આવેલ છે. સચિવાલયના તમામ વિભાગો, તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ/કચેરીના વડાઓ અને અન્ય તમામ નિમણૂંકી સત્તાઓ તેમજ ભરતી સત્તાઓ અને ભરતી એજન્સીઓને આ જાહેરનામાની જોગવાઇ સંબંધે નીચે મુજબની સૂચના આપવામાં આવે છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ જાહેરનામાની જોગવાઇ નીચેના પ્રસંગે લાગુ કરવાની રહેશે.

(૧) મહત્તમ વયમર્યાદામાં છૂટછાટ, તા.૧/૯/૨૦૨૧ થી તા.૩૧/૮/૨૦૨૨ સુધીના સમયગાળામાં પ્રસિધ્ધ થયેલ તમામ જાહેરાતોના સંદર્ભમાં મહત્તમ વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ લાગુ પડશે.

(૨) કોઇ ભરતી સત્તા/એજન્સી દ્વારા કોઇ જગ્યાઓ ભરવા જાહેરાત તા.૧/૯/૨૦૨૧ અગાઉ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય પરંતુ અરજી કરવાની અંતિમ તા.૧/૯/૨૦૨૧ કે ત્યારબાદની હોય તો તે ભરતી પ્રક્રિયામાં ઉક્ત મહત્તમ વયમર્યાદાનો લાભ આપવાનો રહેશે.

૩. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪/૧૦/૨૦૨૧ના ઉક્ત જાહેરનામાની જોગવાઇથી નીચે મુજબનો લાભ આપવાનો રહેશે.

(૧) જે જગ્યાના ભરતી નિયમોમાં ફક્ત સ્નાતકની શૈક્ષણિક લાયકાતની જોગવાઇ હોય એટલે કે મહત્તમ વયમર્યાદા ૩૫ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાઓની સીધી ભરતી ઉક્ત સમયગાળામાં કરવામાં આવે તો મહત્તમ વયમર્યાદા ૩૬ વર્ષ ગણવાની તથા જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતાં ઓછી શૈક્ષણિક લાયકાતની જોગવાઇ હોય એટલે કે મહત્તમ વયમર્યાદા ૩૩ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાઓની સીધી ભરતી ઉક્ત સમયગાળામાં કરવામાં આવે તો મહત્તમ વયમર્યાદા ૩૪ વર્ષ ગણવાની રહેશે.

(૨) ઉક્ત જાહેરનામા સંદર્ભે મહત્તમ વયમર્યાદામાં છૂટછાટ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમ:-૮ ની પ્રવર્તમાન જોગવાઇ ઉપરાંતનો અને આ નિયમોની શરતોને આધીન આપવાનો રહે છે. એટલે કે, રાજ્ય સરકાર હેઠળની આરક્ષિત કેટેગરીઓ(SC/ST/OBC/EWS/Women)માં આરક્ષણનો લાભ મેળવતા ઉમેદવારોને વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ૪૫ વર્ષથી વધે નહિં તે મુજબ આપવાનો રહેશે.

૪. ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો, ૧૯૯૮માં ઉક્ત સુધારા જાહેરનામા સંદર્ભે યોગ્ય સુધારા કરવા અંગે

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને આથી સૂચના આપવામાં આવે છે.

૫. પ્રસ્તુત નિર્ણયનો અમલ રાજ્યવ્યાપી કરવાનો હોઇ બોર્ડ, કોર્પોરેશન, નિગમ તથા રાજ્ય સરકાર હેઠળના અન્ય સત્તા મંડળો વગેરે જેવી પરોક્ષ રીતે રાજ્ય સરકાર હેઠળની જગ્યાઓમાં ઉક્ત સુધારા જાહેરનામા સંદર્ભે યોગ્ય તે કાર્યવાહી કરવા આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પિન્કી પટેલ)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તાકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો
  ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.
- વેબ માસ્ટર,
  સરકારની વેબસાઇટ / જી.આર.બુકમાં મુકવાની વિનંતી સાથે.
- વિભાગના તમામ અધિકારીઓ/શાખાઓ.
- પસંદગી ફાઇલ ગ.પ-શાખા

---

- પત્ર દ્વારા